# રાગ–દ્વેષનો તાત્ત્વિક વિચાર

જગતની કોઇ પણ વસ્તુને અપનાવવી અથવા પોતાના તરફ ખેંચવી તેને આવૃત્તિ કહે છે તથા કોઈ પણ વસ્તુને દૂર કરવી અથવા તેથી હઠાવવું તેને પરાવૃત્તિ કહે છે. પ્રથમના પ્રકારને રાગ કહે છે અને બીજા પ્રકારને દ્વેષ કહે છે. આ બન્ને પ્રકારના રાગદ્વેષ સમ્યક્ પ્રકારે જ્યાં સુધી છૂટતા નથી, ત્યાં સુધી વસ્તુઓના ગ્રહણ કરવાથી તથા તેનો ત્યાગ કરવાથી–એમ બન્ને પ્રકારે કર્મોનો બંધ તથા તેનો યથાકાળે ઉદય થયા જ કરે છે: કારણ કે–અજ્ઞાન અને બુદ્ધિના વિભ્રમ યોગે વસ્તુઓના ગ્રહણ અને ત્યાગ બન્નેમાં રાગ–દ્વેષ જાજ્વલ્યમાન બનેલો પ્રવર્તી રહ્યો છે.

વેષ્ટન એટલે બંધાવું અને ઉદ્વેષ્ટન એટલે છૂટવું. એ બન્ને વાતો ત્યાં સુધી બની રહે છે, કે જ્યાં સુધી ચિત્તમાં રાગદ્વેષ વા ઈષ્ટાનિષ્ટ ભાવનાપૂર્વક વસ્તુઓનો ગ્રહણ–ત્યાગ થયા કરે: અને એને જ જ્ઞાનીપુરુષો સંસારપરિભ્રમણ કહે છે. પ્રત્યેક વસ્તુઓના છોડવા–ધરવાની ચિંતામાં નિમગ્ન રહેવું, મૂઢ બની કર્મબંધનથી જકડાવું, ઉદયકાળ પ્રાપ્ત થતાં અત્યંત મોહમુગ્ધ–ઉન્મત્ત બની દુઃખી થવું અને ઈતસ્તતઃ ભવના પ્રકારે વહ્યા કરવું અર્થાત્ જન્મ–મરણાદિ કર્યા કરવાં એનું જ નામ ભવપરિભ્રમણ છે.

જેમ દહીં મંથન કરવાની ગોળીમાં રહેલા વાંસની રસીના બન્ને છેડામાંથી એકને પોતા ભણી ખેંચે છે, ત્યારે બીજાને ઢીલો મૂકે છે. જ્યાં સુધી એ પ્રમાણે કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યા કરે ત્યાં સુધી ચક્કરે ચઢેલો વાંસ કદી પણ સ્થિરપણાને પામતો નથી. એને ખેંચવામાં તેમ ઢીલો કરવામાં-બન્ને પ્રકારે બળ ખર્ચવું પડે છે, છતાં વાંસ તો સ્થિર થતો જ નથી. તેમ અજ્ઞાન અને મૂઢતાપૂર્વક વસ્તુને ગ્રહણ કરવામાં તેમ તેનો ત્યાગ કરવામાં-એમ બન્ને પ્રકારે આત્મવીર્ય ખર્ચવું પડે છે, છતાં આત્મપરિણામ કદી સ્થિર કે શાંત થતા નથી. ખરી વાત એ છે કે-જો તે વાંસને સ્થિર કરવો હોય તો તેને બાંધેલી બન્ને છેડાવાળી રસીને છોડી દૂર કરવામાં આવે અને તો જ તે વાંસ સ્થિર થાય, તેમ જીવ જેટલી એ પરવસ્તુના ગ્રહણ-ત્યાગની સાવધાનતા રાખે છે, તેટલી પોતે રસપૂર્વક ગ્રહણ કરી રાખેલા રાગદ્વેષમય વિકલ્પોના ત્યાગની સાવધાનતા રાખે તો સહેજે આત્મપરિણામ સ્થિર અને શાંત થાય.

રાગ-દ્વેષની માત્રા આત્મામાં જ્યાં સુધી બની રહે છે, ત્યાં સુધી કર્મબંધન છૂટવાના અવસરે પણ રાગદ્વેષ વશીભૂત થઈ તે બંધાયા જ કરે છે અર્થાત્ કર્મબંધન છૂટવા માત્રમાં વાસ્તવિક કલ્યાણ નથી; કારણ કે-બંધનું મૂળ કારણ રાગદ્વેષ મોજૂદ છે. એક બંધનની નિવૃત્તિ ટાણે બીજા ચિત્રવિચિત્ર બંધનો તુરત તેને જકડી લે છે, તેથી બંધનની ચિરશૃંખલા કદી તૂટતી જ નથી. એમ છૂટવું એ કર્મબંધથી વાસ્તવિક છૂટકારો નથી. જો કર્મબંધનથી વાસ્તવિક છૂટવું હોય, તો ઈતસ્તતઃ આત્મપરિણામનું ભ્રમણ વા તેના કારણરૂપ રાગદ્વેષને સમ્યક્ પ્રકારે રોકવામાં આવે તો જ કર્મબંધન સર્વથા રોકાઈ જાય. અને તેનો સર્વથી પ્રબળ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ ઉપાય યથાર્થ જ્ઞાનપૂર્વક સમપરિણતિમાં સ્થિર થઇ નિઃસત્ત્વ કરવામાં આવે, એને જ **સાચી નિર્જરા** ભગવાને કહી છે. તે સિવાયની બંધસહભાવિની નિર્જરા તો જગત્ આખું કરી જ રહ્યું છે.

ગોળીનો વાંસ જ્યારે એક તરફથી છૂટે ત્યારે બીજી તરફથી બંધાય છે. તેનું છૂટવું તે પણ બંધાવા માટે જ વર્તે છે; પણ જો તે વાંસને રસીથી સર્વથા છોડવામાં આવે તો ફરી બંધાતો નથી. તેમ મોહાસક્ત જીવ એક તરફથી પ્રબળ યમ–નિયમાદિ આચરી છૂટવા માટે પ્રવૃત્તિ કરે છે, ત્યારે વ્યક્ત કે અવ્યક્ત રાગદ્વેષાદિ પરિણામે કરી બીજી તરફથી બંધાતો જાય છે. બંધનની નિવૃત્તિના એક નિમિત્ત કારણરૂપ એવા યમ–નિયમાદિકપૂર્વક પ્રવર્તનકાળે પણ રાગદ્વેષની માત્રા જીવને કયા પ્રકારે ઉન્માદે ચઢાવી રહી છે તેનું એને ભાન નથી. એ રાગ-દ્વેષ તજવાના બ્હાને જીવ કરે છે શું ? એક ખૂણેથી નીકળી માત્ર બીજા ખૂણામાં ભરાય છે. બીજો પણ પહેલાના જેવો જ હોય છે. અનાદિકાળથી જીવ સમ્યક્ પ્રકારે નિરાવલંબ ઉદાસીન રહી શકયો નથી કે ઉદાસીન રહેવા તથારૂપ પ્રકારે તેણે પ્રયત્ન કર્યો નથી, એવી સ્થિતિને પ્રાપ્ત થવા યોગ્ય સમ્યક્ સાધનો સેવ્યા નથી, લોકૈષણા, લોકહેરીને લોકસં-જ્ઞામાં છુંદાઈ રહ્યો છે અને તેથી ઉદાસીનતાજન્ય સુખનો અનુભવ પણ તેને નથી. એ સુખનો અનુભવ કે વાસ્તવ્ય શ્રદ્ધા વિના તેનો તથા રૂપપણે પ્રયત્ન પણ ક્યાંથી હોય ? એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે–મૂઢ અને અજ્ઞાની જીવનો ગ્રહણ અને ત્યાગ બન્ને બંધનરૂપપણે પ્રવર્તે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ તેનો ત્યાગ એ પણ ગ્રહણને અર્થે છે, અને તેનું ગ્રહણ તે પણ પ્રત્યક્ષ ગ્રહણ જ છે. સારાંશ કર્મબંધનથી છૂટવાનો સર્વથી પ્રધાન અને વાસ્તવિક ઉપાય રાગદ્વેષની સમ્યક્ પ્રકારે નિવૃત્તિ કરવી એ છે. નહિ તો ગજસ્નાનવત્ જીવ નિરંતર દુઃખી અને કર્મપરતંત્ર બન્યો રહે છે.

મોહના ઉદયથી રાગદ્વેષરૂપ પરિણામ જીવને થયા કરે છે, જેથી કોઈ વખત અશુભ કાર્યોની પ્રવૃત્તિ તથા શુભ કાર્યોની અપ્રવૃત્તિ (નિવૃત્તિ) આત્માને વર્તે છે. અને કદાચિત્ શુભ કાર્યોની પ્રવૃત્તિ તથા અશુભ કાર્યોની અપ્રવૃત્તિ (નિવૃત્તિ) જીવ કરે છે, પણ એવી મોહગર્ભિત પ્રવૃત્તિનિવૃત્તિવડે શુભાશુભ બંધનની વૃદ્ધિ-હાનિ જીવ અનંતકાળથી કરતો આવ્યો છે. મોહોદય ક્ષીણ થવાથી વા અત્યંત મંદ થવાથી તત્ત્વજ્ઞાન નિર્મળપણાને પામે છે તથા એ સમ્યક્ તત્ત્વજ્ઞાનના પ્રસાદથી આત્મ ઉપયોગ મોહોદય પ્રત્યે આળસે છે—નિરસપણાને ભજે છે; જેથી વિજ્ઞાનરૂપ શુદ્ધોપયોગની પ્રવૃત્તિ તથા શુભાશુભ ભાવોની અપ્રવૃત્તિ અર્થાત્ નિવૃત્તિ સહેજે થાય છે, અને એવી પ્રવૃત્તિ—અપ્રવૃત્તિવડે સર્વ કર્મ સંસ્કારના આત્યંતિક ક્ષયરૂપ નિર્વાણદશાને જીવ સંપ્રાપ્ત થાય છે.

પ્રથમ બંધ અને આત્મા ઉભયમાં અનાદિકાળથી તેના સ્વરૂપની વાસ્તવિક પ્રતીતિપૂર્વક જીવને ભેદ જ પડ્યો નથી, છતાં માત્ર અનુપયોગ પરિણામે બંધ અને આત્મા જૂદા છે, એમ કથન માત્ર જીવ ગાયા કરે છે: અને એવી અજ્ઞાન મનોદશાયુક્તપણે કરેલી પ્રવૃત્તિ-અપ્રવૃત્તિવડે બંધનની વાસ્તવિક નિવૃત્તિ ક્યાંથી હોય? બંધ, બંધહેતુ, બંધફળ અને

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

બંધસ્વામી એના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા વગર તથા બંધ અને બંધફળથી વિરકત ચિત્ત થઇ સ્વ-સ્વરૂપને વિષે અપૂર્વ પ્રેમ ઉલ્લસ્યા વગર અનાદિ બંધનની આત્યંતિક નિવૃત્તિ હોય જ નહિ. આથીજ કહેવામાં આવ્યું છે કે-અજ્ઞાન અને રાગદ્વેષયુક્ત પરિણામે કરેલી પ્રવૃત્તિ તો બંધનું કારણ થાય એ તો નિશ્ચિત છે, પણ તેવા પરિણામે કરેલી નિવૃત્તિ પણ બંધનું કારણ થાય છે; જ્યારે આત્મપરિણતિયુક્ત સમ્યગ્-જ્ઞાન પરિણામે કરેલી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બન્ને મોક્ષનું કારણ થાય છે. એ એક તત્ત્વજ્ઞાનપૂર્વક આત્મદશાનું અપૂર્વ માહાત્મ્ય છે.

## સિદ્ધિપદનો સાચો ઉપાય

જીવના પૂર્વકાળના બધા મોઠા સાધન, કલ્પિત સાધન મટવાં અપૂર્વ જ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી; અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી : અને તે અપૂર્વ વિચાર અપૂર્વ પુરૂષના આરાધન વિના બીજા કયા પ્રકારે પ્રાપ્ત થાય ?-એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે-' જ્ઞાનીપુરૂષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધિપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org